કજોડા ની કહાણી
અને
હરફેરનો ફારસ

છપાવી પ્રસીધ્ધ કરનાર

ગુલાબદાશ દયારામ મહેતા

"ધી રાઇઝીંગસ્ટાર" પ્રીન્ટીંગ પ્રેસ સુરત.

સંવત ૧૯૫૦ સને૧૮૯૪

કીમત ૧ આનો

IV
1894



૫૭૭૪

કજોડાની કહાણી

અને

હરફોરનો ફારસ.

રાગ અંગ્રેજી

અરજ મારી શુણો સરદાર, બળ્યો મુજ અબળાનો અવતાર
વિના મરજીથી મારા પીતાએ, પરણાવી શેહેરની બહાર
મોટા છોડી જુવો નાદાનને સોંપી. વર્ષ અગીઆરનો ભરથાર-અ
નવ જોબન હું નારી નગીનો, મુજ નેત્ર આપે ચીતાર
અંધારી રાતે વીજળી જેમ ચળકે, તેવો ઝળકે મારો બહાર-અ
પત્ર લખું હું મીતીના કોને, શેકાવું બીજાને જોઇ
વ્યર્થ ગયું સૌ ભણવું મારૂં. મળ્યો ન ગુણી જન કોઇ-અ
ગઇ સાસરે પણ ગોઠ્યું નહીં સ્યાણા, જોતા પતીનું મુખ
નહી દીયર નહીં નણદીર સારી, બળ જો જનેતાની કુખ-અ
જાવા નહી દે પડોશીને મળવા, હું ઝુરૂં મુવાની પાસ,
જોષના જોતાં માહરા મરજો, રૂડી જોઈ નહી રાશ-અ
પીત્યાં જોશી પણ પૈસાના લોભી, લોભી પીતાને માત,
જન્મ આપ્યો જેને પેટમાં રાખો, પાછળથી જોવા સંતાપ-અ

ઘણા લોભીઓ હશે દુન્યામાં દીકરીના માને બાપ
બાશે રૂપીયાઓ કોથળી ભરે પણ, પાછળથી વેઠે સંતાપ-અ
માટે જો માનો મારૂં સાચું તો, બાશો પુત્રીની નહીં લાંચ,
પૈસાને માટે લોભમાં પેશી, સોંપો છો નાદાનની ચાંચ-અ
કર્યોછે વિચાર મેં તો મનમાં, જીવીને જોવું શું સુખ,
જીવ્યાના કરતાં મરવુંજ સારૂં, વેઠવું પડશે નહીં દુઃખ-અ
લાવજો વીચાર દીલમાં કંઈ સ્યાણા, સમજીઓ નરને નાર,
લોભ લાંચ સૌ છોડીને ચાલો, ઇશ્વર રંક વીચાર--અ

રાગ કલ્યાણ

નરોત્તમ—હે પ્યારી માતા, તું આમ શુ કરે
જમના—ન કરૂં કુડું કામ તો, અર્થ નહીં સરે,
નરોતમ—પ્રીય માતા કરે નાદાની, છોડી કુળની લાજ,
સાચે સાચું કહું છું તુજને, મુજ કુળનો ન રીવાજ-હે
કારણ બોલ, હૈયું ખોલ, કહી દે ઝટ આવાર,
શુન્ય થઇને બેઠી છે શું, કે'વા છે વીચાર—હે
બોલ બોલ હૈયું ખોલ, કરૂં હું ઉપાય,
લાજ તજીને વાદીત કર તું, જેથી શાંતી થાય-હે

રાગ ક્ષત્રી કુનક કેમ લેશોરે.

નરોતમ-ધીક: ધીક:પડયો તુજ અવતાર,કલંક તેં લગાડયું મનેરે
સત્ય તોડે પતીવ્રતા થઇ તું નાર—કલંક તે-
પામી જન્મ ન પામી અજાણ—કલંક તે-
બાંધે પાપ બોજો તુજ માણ—કલંક તે-
શું ધર્મ છોડી કરમ આવા થાય—કલંક તે-
શું તે પુત્ર તાહરાથી સહેવાય—કલંક તે-
ધીક: કીધો તુજ અવતાર—કલંક તે-
હાય હાય કર્યો કેવો કેર—કલંક તે-
અરે કેમ સહું હું કીશખી કેરો તન—કલંક તે-
કેમ ધરૂં નહીં કૂળ ધર્મ મન—કલંક તે-
નહીં નહીં કાઢશે એમાં તું સાર—કલંક તે-
રંક પુત્રની અરજ સ્વીકાર—કલંક તે-

રાગ ખમાચ ઠુમરી.

જમના—છોડ એ નાદાની હઠ મુજ પુત્ર તું,
હંકારી થઇ શાને ઢાલું ગુમાવે ગુમાન તું,
જોર જુલમ કાંકરે મુજઉપર તું,
ચંડાળ, ચંડાળ, ચંડાળરે,
અરે ખશ નીરલજ તુને શરમ નહીં,

મુજને સંતાપી સીદ કરે વીષ પાન તું—છોડ

રાગ સુણો હીરજી તખ્ત ધરનાર

જમના—સુણ પુત્ર મારા તું આજ—બુધ્ધી ભ્રસ્ત થઇ તારીરે

લાગી કહેતા તને નહીં લાજ—બુધ્ધી.

મનથી પુરો કર તું વીચાર—બુધ્ધી.

વાંચી ગ્રંથનો લેતું સાર—બુધ્ધી.

લજાવ્યું માહેરૂં તે નામ—બુધ્ધી.

થઇ ગયો તું લુણ હરામ—બુધ્ધી.

માટે છોડી દે તું ખોટા વીચાર—બુધ્ધી.

નહીં તો પાછળથી થાશે તું ખુવાર—બુધ્ધી.

લલીત છંદ

નરોતમ-અરર હાયરે, થાય લાયરે, નીરખી માતને જીવ જાયરે

ઇષ્ટ દેવના, દેવ આ સમે, અરજ માહરી શાંભળો તમે.

મુજ માત તો છુટથી નથી, અરર શું કહુ, કષ્ટહું કથી.

પાપ કર્યા હશે, મેં પેલે ભવેરે, આ ફળો નડયા લાગી દવરે

મજા પાલન છે નામ તાહેરૂં, દુઃખ છેદશો નાથ માહરૂં.

પુરવ જન્મના, પાપ આ નડયાં, કઠણ ભાગ્યથી, આવીને અડય

રાગ ભાટ

આરામ—અરે મીત કોણ કાજરે, કેમ આવ્યા છો આંહી;
અજબ લાગે મને આજરે, કેમ આવ્યા છો આંહી

નરોતમ—પ્યારા સુણો મીત્ર માહેસરે કહુ સાચીરે બીના;
તેડાવ્યા તમને આજરે, કહુ સાચીરે બીના, ટેક.
નથી આવ્યા ચોરકે, નથી લૂટારા કાંઇ;
હરકોરનો સ્વામી હું છું બોલાવે મારી પ્યારીરે. હુક
હરકોરને જો ચાહો તો, ચાલો મારી સાથ;
નહીં આવો તો નીસ્ચે મીત્ર, કરશે પ્રાણ ઘાતરે. કહુ

જમના—હાય પૈસા, ઓય બાપરે . સા;
બશ પૈશાજ પૈસા, જ્યાંથી ખોંચી લાવવા ટેક.
બેશતા પૈસા, ઉઠતાં પૈસા, સુતા પૈસા પૈસા;
બહાર પૈસા ઘરમાં પૈસા, કથા પૈસાની માંડું; હાય
મળે ગમે તેવો ગરીબ, તોપણ હમને પૈસા પૈસા;
જ્યારે કાંઇ મળે, ત્યારે આવે ભાન, થાય પેટમાં ટાઢું ટાઢું . હાય
મળે પૈસા ઝટપટ, ત્યારે થાય કાળજુ થંડું;
લેતા પૈસા હબાડબ, જોતાં નહીં આડું દાડું. હાય.

રાગ પરજ (વણજારાનો)

હરકોર-શ્રી સકલ ગુણ સંપુર્ણ, વાહાલા ભાળીએરે;
મારા પ્રાણ આધાર, વશો શોકીન બજારરે,
મોટે ફળીએથી લીખતંગ, હરકોર દાશીરે;
ફરે કરગરી કંઈક પ્રણામ, માનો મન વાસીરે;
મન મારે વશીયા આપ, પ્રિતમ મારારે;
થાયછે તેથી ઉચ્ચાટ, મળોને પ્યારારે.
તમે લીધા નહીં કંઈ દાદ, દાશીના દુ:ખનીરે.
પ્રીતમ મને જોઇ ગયા, જે દીવશથીરે.
પત્ર પાઠવ્યા પ્રિતે કરી, સ્હેજા રાજીરે;
તો યે દયા નવ આણી કાંઇ ન પુછયું રાજી શાજીરે
પણ પ્યારા પોતે બેઠાં હશો, શુખ ચેનમાંરે;
થઈ નમેરા નહી વરતાય, જુઓ પ્રીત ધારારે.
જો મળવા મળે નહી લાગ, મારા પ્યારારે;
પત્ર પ્રીતીનો પાઠવજો આપ, કરૂં કાલાવાલારે.

રાગ અબચલે.

આંબારામ—શાણુ પીયા? (૨) તું થાશે માહરી,
સ્વામીથી મારે લડાઈ
રજ ખાધું તે હરામ કીધું,

તન મારૂં મેં તુજને દીધું,
નારી એ ઇમાન, તજું મુજ પ્રાણ, પ્યારી મારી—સ્વામી
પ્રખ્યાત તને નહી કરૂં,
ખ્યાલ તારો નહી છોડું,
તતકાળ તું આવ, વચન તું પાળ, પ્યારી મારી—સ્વામીથી
પછી હરૂં હું તારૂં જોબન,
ચીત્ત મારૂં કરૂં કંઇ લોપન,
ગરીબી પ્યાર, સદા તું રાખ,રહીને માહરી—સ્વામીથી

———

રાગ બીક લાગે ભાઈ બાપુ પાસે જાતાં મુજનેરે
હરકોર—બીક લાગે શાશુજી મને જાતા હવેરે;
બ્હાર જાવા નહી દો હવે કહૂંછું તમનેરે—ટેક
રસ્તામાં મળશો પ્યારો, એ યાર ઘણોછે નઠારો,
એના જેવા બીજા નહી જોયા કોઈરે—બીક લાગે
જમના—વહુ એવું તમે ન વીચારો, એના જેવા ઘણાછે યારો,
માટે શમજી કહુછુ તમને જાવો વહુજીરે—
હરકોર—બીક લાગે શાશુજી મને જાતા હવેરે,
પૈશાને તમે ન વીચારો, એના વગર નથી કંઇ આરો
મુઠ ચોટ શઘળું જાણે એ નઠારો રે—બીક લાગે

———

(રાગ મચકે તારે મોહી રહી હુ)

આંબારામ-લટકો તારો જોઈ રહુ છુ,લટકારી, મનહર નારી તું.
જતાને આવતા પ્યારી, મુજ ઘેર આવો;
ખૂણામાં મજો સારી રાત, શેજલડીમાં સુઈરહીશુ-ટેક
પ્યારા! પ્યારા? કહી લાડ લડાવે.
ફેરાવવા માંગે ભરથાર, નારી એ ઇમાન થઈ-લટકાર
ચાર તારો ઉપાય બતાવે,
પડીકા આપે દશ બાર, નીંદ્રા ને માટે કરીનેલ-ટકારી
પડીકા લઈ પ્યારી રાંધવાને પેશે.
માંખે દાળ શાકની માંહય, પછી મળવાને આવે—લટકારી

રાગ માઢ

આંબારામ-ભૂલી ભૂલી તું દેહનું ભાનરે, નહીંઆપું મારો માણ
થઇશ મીત્ર વીના હેરાનરે, નહીં આપુ મારો માણ -ટેક
પત્ર લખ્યો તેં પ્રેમનો, પણ નથી કાંઇ એમાં શાર;
એવું કરવું છાજે નહી મને, શોધી લે બીજાનો પ્યારરે—ભુ.
ઘડો ભરાયો તારા પાપનો ને, એમા થાશે દુઃખ;
થોડા વખતમાં ફુટી જાશે, વળી થશે તને દુઃખરે-ભૂ.
ઘેલી કરી તને આવા વીચારે, શીરપર ફરે તુજ પાપ;
પણ વીચારૂં મનથી હું, ફૂટશે બંનેનું પાપરે-ભૂ

રાગ (યોવન ખીલ્યું નો.

હુરકોર-સગીર વયમાં લાગેછે એ પ્યારાકેવા;

જાણે રૂપ કામ જેવા, હશે નહીં બીજા એવા,

લાવું હંઈ સાતે સુવા; હાં; હાં; હાં; હાં; સગીર.

પ્યારા મને મળોને એકવાર તમે;

મારૂં જોબન આપું રે તમને તેજ પળે.

કુમળા કરછે કેવા. આલીગન આપવા જેવા; હાં; હાં; હાં; હાં; સગીર

પ્યારા મને ભોગવેજો એ આરે ભવે;

ચકીત દીલડું કર્યુંછે મારૂં તેના નેને.

ઉમેદ પુરી કરે, સેજે પાય ધરે હાં; હાં; હાં; હાં;-સગીર

જાઓ સ્વામી જઇને શોધી લાવો એને;

મારૂં જોબન આપું આ વખ્ત તેને.

તમેછો બહુ તાના, મારે જોઇએ એના જેવા હાં; હાં; હાં; હાં;સગીર

(રાગ કોઇ હાલકહો જા કે.)

અંબારાગ-હાય કયારે મળશે પ્યારી, બેહામાન થઇ નારી-હાય

કયારે મળશે એ રે પદમણી, મુંજાઉં દીલની માંય;

કયાં મળે મારી દીલદાર, મીયા. મુજ પ્યાર, સોભીતી નાર, હાય

યાર ઢુંઢયો તુજ સાસુએ, પૈસા ખાવા કાજ—હાય.

તે નહીં દે કંઇ દાદ, પૈસાને માટ, પદમાણી મારી-હાથ.
મીત્રાઇ હુટી તુજ સ્વામીથી. તુજ મોહબતને માટે.
તે બળે દીલમાંય, વળે નહીં કાચ, પદમાણી પ્યારી-હાય.

મામાએ કરોત્ર કાપો એ રાગ.

દીલ દારે આ હાલ કીધા;—
કેદખાના હમે લીધા, નહી વાંક છતાં દોશ લીધા —
ધીક્કાર, ધીટકાર;.

એવા ઘણા કુછંદી યાર, ફરે બળે લ્યાબ;.
દુ:ખી દીલ કીધા—ધીકાર.
એવા યારની દોશતી, છે કંઇ નરક સમાન;
બીજો સોધું આ સમે, તે લે મારી શબાબ,
સભાળ મને દીલદાર, ધીકારને ટાળ —ધીઃકાર.
માતું મારી ગઇ મરી, રાખી શાશુ પાસ;
ત્યાગી નાનકડો બાળો, હુટી મનની આસ,.
આસ જેની ખાશ હતી બહુ આશ, કાં છે નીરાશ
ધીકર ધીટકાર

લેખ લખ્યા લલાટમાં હશે માહરા જે,
માતું રડની છોડીને, ગઇ સ્વરગ વાટ તે
સ્વરગ માંહી તે આપીને છે દુખન મેલ—ધીઃકર.

ભુજંગીછંદ

અરે દેશીઓ વીનતી ઉરધારો.;
ખરી જો જુઓ દેશનીદાઝ ચારો.
કજોડા તણું દુઃખ લક્ષે વિચારો;
કજોડા ન ધારો સજોડા વધારો— ૧
કજેતી અતીશે જગતમાં જણાયે.
બિચારા શિશુને ઘણુ દુઃખ થાએ.
તરે શી રીતે એહતો જનમારો.
કજોડાનો ધારો સજોડાં વધારો — ૨.
કજોડા થકી અલ્પ આયુશ થાયે;
વળી રોગાને હીણ પ્રજા ગણાય.
પછીથી ગણે ધીઃક આ જનમારો;
કજોડા ન ધારો સજોડા વધારો —૩
ઘણા કુળ જોઇ કજોડુ કરેછે.
ભુંડી ભારજાથી અતીશે રડેછે.
નહીંતો કમાણી થયાથી વધારો,
કજોડા ન ધારો સજોડાં વધારો. — ૪.
ભણ્યા તો નહી ને રહયા પથ્થર જેવા.
બન્યા નિર્બલાને મતી હીણ એવા.
કજોડા તણું કષ્ટ વેગે વિચારો.

કજોડા ન ધારો સજોડા વધારો — ૫
કરીલ્યો ઉપાયો તમે શોધી શોધી;
વળી એક તંત્ર કરો નાત ઓધી.
કુડી રૂઢીઓ બંધ વેગે સુધારો;
કજોડા ન ધારો સજોડા વધારો. — ૬
અરે ભ્રાંત માંરાતમે વેમ છાંડો,
સજોડા વર્વાનો ખરો પાય માડો.
કરીલ્યો હવે એજ નીતીથી ધારો;
કજોડા ન ધારો સજોડા વધારો — ૭

દોહરા

અઘટીત રીત આ આર્યમાં, પસરી જે છે હાલ,
કજોડા લગ્ન તે તો કરે, કરે કેર થઇ દુઃખસાલ
કુમળી વયના બાળકો, વિષય ન જાણે કાંઇ;
વડીલો તેમની, કરવા કહેછે સગાઇ.
બાળક બાપડા બાહુડા, દોરે તેમ દોરાય;
તમે જીંદગી તેમની, ન નાખો કજોડા માંય,
જે જન હદ છોડી રહે, તેને સુખ ન થાય;
ગામ તજી ને વન વશે, તો તે દુઃખીઓ થાય
હલકાને હલકું ગમે, ગમે ન ઉમદું ક્યાં;

અધીક ફુલાસણુ તો વળી, ભંડ ભણે હમેશ
નીજ કુળનો ધંધો સૌ, કરે ખુશી થઇ યાર;
માણસને સુજે નહીં, ખેતી કે વેપાર
જનને સંકટ અવનીમાં, ઘણા પડે પણ સ્હેલ;
જો નારી કંકાસણી, તે સંકટ મુશ્કેલ
ઉમદાને ઉમદું ગમે, ગમે ન નીચું લેશ;
સાચાં જુઠાં જવાહીરો, પરખે જવેરી બેશ
જેમ જેમ રાખે નમ્રતા, તજે વળી અંહકાર;
એજ જ્ઞાની જન જાણવો, પંડીતનો સરદાર

રાગ કલ્યાણ

પ્રીય આર્ય જનો, દીલથી ડરો;
પૈસા ખાવા કારણે પાપ નવ કરો—પ્રીય
વેચે બેન દીકરીઓને, પૈસા ખાવા કાજ,
પૈસા જોઇને લલચાયે તે, વેરી માને બાપ—પ્રીય
બાલકકે બુઢાને આપે, હમાણાના મા બાપ,
પછવાડેથી તે દીકરીયો, છોડે કુળની લાજ—પ્રીય
પાછળથી પસ્તાવો કરે, દીકરીના મા બાપ;
એવા પાપાનો ન કરશો, નરકમાં પણ વાશ—પ્રીય
માટે આર્યો વિંનતી માહરી, ધરજો તમે ધ્યાન;

૨૬ રચનાર મારી માગે, અ.યૈ પંથુની પાસ—મીસ

સમાપ્ત

જાહેર ખબર.

સરવે વાંચનારી શોખીન પ્રજાને વીનંતીથી અરજ કરવામાં આવેછે કે આ હમારી કોઇપણ પુસ્તકના આધાર શીવાયફક્તકલ્પનાથીબનાવેલી "કજોડાનીકહાણી "નીચોપડીવારતા રૂપે બનાવવા માંડીછે તેવીષેસઘલો આધાર આ ચોપડીના ઉઠાવ ઉપર રાખવામાં આવ્યો છે માટે મેહેરબાની કરી યોગ્ય મદદ આપવા ચુકવું નહીં.

છેલ્લે મારે એટલુંજ કેવાનું કે આ ચોપડીમાં જે બાબત શમાએલી છે તે કલપીત છે તેજો કોઇને લાગુ પડતી હોયતો મેહેરબાની કરી તેઓએ માથે ખેચી લેવા તસદી લેવી નહીં કારણકે કેટલાક આદમીને એવી ટેવ હોય છે કે એસતી ટોપી આવી કે પહેરી લેવી એ તદન ભુલ ભરેલું છે.

પ્રગટ કર્તા.

જાહેર ખબર.

વાંચો? વાંચો?? વાંચો???

થોડીજ નકલો બાકીછે.

સુંદર મનહર ગાયન પ્રકાશ ત્રણ ભાગમાં કી૦-૮-૮-૦

હીરાલાલ દુઃખ દર્શક નાટક (છપાયછે) કી૦-૦-૮-૦

ધણી ધણીયાણીનો વીયોગ. કીમત ૦-૫-૦

પદમાણી ભાગ ૧ લો કીમત ૦-૩-૦

પદમાણી ભાગ ૨ જો (છપાય છે.) કીમત ૦-૨-૦

ચંન્દ્રવદન અને ચંન્દ્રકળા, કીમત ૦-૩-૦

જૈન રમુજી ગાયન સંગ્રહ કીમત ૦-૧-૬

શાલી ભદ્રનો તથા ભરત બાહુ બલના સલોકા કી૦-૦-૧-૬

શવત ૧૯૫૦ની રેલનો ગરબો ભાગ ૨ જો કી૦--૦--૧-૦

કજોડાંની કહાણી. કીમત૦--૦--૧--૦

ગુલાબદાશ દયારામ મહેતા નાણાવટ સુરત,

જાહેર ખબર.

આ ચોપડી નીચે લખેલે ઠેકાણેથી રોકડી કીમતે મળશે

ગુલાબદાશ દયારામ મહેતાં નાણાવટ સુરત.

ઇચ્છારામ માતારામ કળાપીઠ વીઠલવાડા આગળ સુરત.

